# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શત સહસ્ર પ્રણામ.

પ્રગાઢ અરણ્ય છે. ઘોર અંધારી રાત્રિ છે. એક મહાનદી પ્રચંડ વેગપૂર્વક વહી રહી છે. નદીને કિનારે એક શિવમંદિર છે. શિવમંદિરના પ્રાંગણમાં એક પુરુષ અવસ્થિત છે. તે પુરુષ જુએ છે, સામે કિનારે!

સામે કિનારે શું છે?

એક પરમ તેજસ્વી મહત્ પુરુષ ઉપસ્થિત છે. ચીનાંશુકનાં વસ્ત્રો ધારણ કર્યાં છે. ખભા પર ધનુષ્ય છે. વાંસા પર ભાથો બંધાયેલો છે. સુવર્ણમુગુટ છે.

"આપને મારા પ્રણામ! હા, પ્રણામ!" પ્રતિભાવ મળતો નથી. ઉત્તર મળતો નથી.

"આપ મારા પર અપ્રસન્ન છો? મારો કાંઈ અપરાધ થયો છે? કહો, આપની શી આજ્ઞા છે? કહો, હું આપની શી સેવા કરું?"

આપનું મૌન પણ એક વાણી છે. શબ્દનો પ્રયોગ કર્યા વિના મુખારવિંદ અને ચક્ષુઓ દ્વારા પણ ઘણું કહી શકાય છે!

સમજ્યો! હા, હું સમજ્યો છું!

ભગવાન શ્રીકૃષ્ણ વિશે અનેક ગ્રંથોની રચના કરી છે!

ભગવાન શ્રીરામ વિશે લખ્યું છે

મહર્ષિ વશિષ્ઠ અને મહર્ષિ વિશ્વામિત્ર વિશે પણ લખ્યું છે.

પિતામહ ભીષ્મ અને ભગવાન વેદવ્યાસજી વિશે પણ લખ્યું છે.

મહાયોગી ગોરખનાથજી અને જ્ઞાનેશ્વરજી વિશે પણ લખ્યું છે.

અને હા, સમજ્યો! આપના વિશે લખવાનું બાકી રહી ગયું છે!

હવે લખું છું હા, લખું છું અને લખીને આ ગ્રંથ તૈયાર થયો છે.

'ધનંજય'

હવે તો આપ પ્રસન્ન છો ને!

• • •

અર્જુન વિશે લખીએ, બોલીએ કે વિચારીએ એટલે પાંડવો તો સાથે આવે જ! આવે જ! પાંચ પાંડવને જુદા પાડી શકાય તેમ નથી. તદ્‌નુસાર અર્જુનવિષયક આ ગ્રંથ ‘ધનંજય’માં પાંચે પાંડવોની કથા સાથે સાથે ચાલે જ છે! અને પાંચાલી-દ્રૌપદીજી પણ સાથે હોય, તે પણ સ્વાભાવિક જ છે અને માતા કુંતાજી પણ હોય જ હોય! તદ્‌નુસાર આ કથા ‘ધનંજય’માં પાંડવબંધુઓ, દ્રૌપદીજી અને કુંતાજી સાથે રહે જ છે!

અને હા...

મહાભારત મહાગ્રંથ છે અને મહાભારતમાં અપરંપાર કથાઓ છે અને અનેક વિષયોનું અનેકવિધ જ્ઞાન પણ મહાભારતમાં છે જ! આ બધું બરાબર છે. આમ છતાં મહાભારતની પ્રધાનકથા તો પાંડવ-કૌરવની કથા છે. તદ્‌નુસાર આ ગ્રંથમાં મહાભારત કથા આવે જ છે. મહાભારતને બાજુમાં મૂકીને ધનંજય વિશે લખી શકાય જ નહીં.

તેથી... હા, તેથી મારી વાચકમિત્રોને વિનંતી છે કે અર્જુનવિષયક આ ગ્રંથમાં પાંડવો, કૌરવો, મહાભારત આવે તો આપ તેને વિષયાંતર ન સમજશો.

અને હા, ભગવાન શ્રીકૃષ્ણ! નર અને નારાયણ તો સંયુક્ત અવતાર છે અને અહીં અર્જુન – શ્રીકૃષ્ણ સંયુક્ત અવતાર છે. તેથી આ ગ્રંથમાં ભગવાન શ્રીકૃષ્ણનું ભાવપૂર્વક આતિથેય થયું છે, તેમ સમજશો!

અહીં આ ગ્રંથ ‘ધનંજય’માં શ્રીકૃષ્ણસખા અર્જુનજીના પ્રાગટ્યથી લીલાસંવરણ સુધીની સમગ્ર જીવનકથાને આલેખવાનો પ્રયત્ન થયો છે. આમ છતાં અર્જુનજી વિષયક બધું જ અહીં આવી જાય છે, તેવો અમારો દાવો નથી. તેવો દાવો ભગવાન વ્યાસજી સિવાય કોણ કરી શકે!

અહીં આ ગ્રંથ ‘ધનંજય’માં મહાનવીર અર્જુનજીની જીવનકથા લખવાનો પ્રયત્ન થયો છે. આમ છતાં અહીં અર્જુનજીની અણીશુદ્ધ જીવનકથા રચાઈ છે, તેમ ન કહી શકાય. હજારો વર્ષો વીતી ગયાં છે અને આ વિષયના અપરંપાર ગ્રંથોની રચના થઈ છે. તેથી શ્રી અર્જુનજીની અણીશુદ્ધ જીવનકથાની રચના કરવાનું કાર્ય શક્ય નથી.

અનેક ગ્રંથોમાં વીરવર અર્જુનજીના જીવન વિશે અપરંપાર લખાયું છે અને તેમનામાં ભિન્નતા પણ છે. તેમાંથી કયું સાચું? અમે તો અમને પ્રતીતિકર લાગ્યું

છે, તેમનો સ્વીકાર કરીને તેમનો આ ગ્રંથમાં સમાવેશ કર્યો છે. આ ગ્રંથમાં જે છે, તે બધું અણીશુદ્ધ શતપ્રતિશત સત્ય જ છે તેમ અમે કહી શકીએ નહીં. અમારો એવો દાવો નથી. હા, અમે સત્યની નજીક પહોંચવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે, તેમ તો અમે કહી શકીએ છીએ.

અમે હસ્તિનાપુર, વારણાવત, પાંચાલ આદિ સ્થાનો અને પ્રદેશોની મુલાકાત લીધી છે અને ત્યાંના નિવાસી વિદ્વાનો અને તજજ્ઞો સાથે મનભરીને સત્સંગ કર્યો છે.

મહાભારત અને અર્જુનજીવિષયક ગ્રંથોનો યથાશક્તિ અભ્યાસ પણ કર્યો છે અને પરિણામે આ ગ્રંથની રચના થઈ છે.

આ ગ્રંથરચના અમારે મન ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીકૃષ્ણસખાની સેવા છે. આ ગ્રંથની રચનારૂપી, આ સેવા દ્વારા શ્રીકૃષ્ણ અને અર્જુનજી અમારા પર પ્રસન્ન થાઓ, તેવી અમે તેમનાં મહાન ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.

આ ગ્રંથની રચનામાં અમને અનેક ગ્રંથો અને અનેક મહાનુભાવોની સહાય મળી છે. અમે તેમના ઋણનો સ્વીકાર કરીએ છીએ અને તેમને સૌને વંદન કરીએ છીએ.

સૌને વંદન! સૌનો આભાર!

**– ભાણદેવજી**

# અનુક્રમણિકા

1. સૂર્યવંશ-ચંદ્રવંશ-કુરુવંશ-યદુવંશ-નંદવંશ . . . . . . . . . . .1
2. પ્રાગટ્ય . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .7
3. શિક્ષણ-પરીક્ષણ અને ગુરુદક્ષિણા . . . . . . . . . . . . . .14
4. પાંડવો વારણાવતમાં . . . . . . . . . . . . . . . . . . . . .36
5. દ્રૌપદી સ્વયંવર . . . . . . . . . . . . . . . . . . . . . . . .42
6. ઇંદ્રપ્રસ્થ અને અર્જુનનો વનવાસ . . . . . . . . . . . . . .53
7. ખાંડવવનદહન . . . . . . . . . . . . . . . . . . . . . . . .75
8. કપટદ્યૂત અને કૃષ્ણાનું પરિત્રાણ . . . . . . . . . . . . . .81
9. અર્જુનની શસ્ત્રપ્રાપ્તિ . . . . . . . . . . . . . . . . . . . . .98
10. વિરાટનગરમાં કૌરવસેના . . . . . . . . . . . . . . . . . .106
11. અર્જુનની પસંદગી . . . . . . . . . . . . . . . . . . . . . 111
12. સત્ય અને પ્રેમ . . . . . . . . . . . . . . . . . . . . . . . 116
13. ગીતામાં જીવ, જગત, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ . . . 121
14. ગીતામાં કર્મ, યોગ, ભક્તિ અને જ્ઞાન . . . . . . . . . .127
15. ચક્રવ્યૂહ અને જયદ્રથવધ . . . . . . . . . . . . . . . . . 133
16. અશસ્ત્રવધ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 138
17. અનુગીતા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .144
18. ઉદ્ધવ અને અર્જુન . . . . . . . . . . . . . . . . . . . . . .170
19. યાદવાસ્થળી અને લીલાસંવરણ . . . . . . . . . . . . . .184
20. અર્જુનની હાર . . . . . . . . . . . . . . . . . . . . . . . .189
21. કૃષ્ણસખા અર્જુન . . . . . . . . . . . . . . . . . . . . . .196
22. મહાપ્રસ્થાન અને ભારતસાવિત્રી . . . . . . . . . . . .200